

વર્ષ ૩ અંક ૨
શ્રીપદ્મા એકાદશી
વ્રત
વૈશાખ (અધિક)
વદ ૧૧, ૨૦૬૬

અનુક્રમણિકા

વિષય	પાન ક્રમાંક
❖ નિવેદન	૧
❖ ટિપ્પણી	૮
❖ શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન	૯
❖ સર્વોત્તમ સ્તોત્ર	૧૨
❖ શ્રીગોકુલનાથજીકે ૨૪ વચનામૃત	૧૪
❖ સ્વરૂપ નિષ્ઠા	૧૬
❖ શ્રીધોલ પદ	૧૭
❖ વિચાર કરવો જોઇએ	૧૮
❖ શ્રીગોકુલેશાષ્ટકમ્	૨૦
❖ જૈ જૈ શ્રીગોકુલેશ	૨૩
❖ કવિત્ત	૨૪
❖ Bhaktivardhini	25

શ્રીગોકુલેશ પાઠશાળા

તાત તણો પ્રતિબિંબ રે રસના



राग कल्याण

वल्लभवर अति सुन्दर देखत देखिवो कीजे ।।
सुनरी सखी यह सब अङ्ग अङ्ग रङ्ग नेननही रस पीजे ।। १ ।।
परम सुखद जीवन जीयको आङ्को भरि भरि लीजे ।।
वल्लभदास पिया श्रीगोकुलेश को उर पर राखी रहीजे ।। २ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમૈં કરત વિહાર;
નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દે સદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

માલા અને તિલક તે આપણા સનાતનધર્મની સભ્યતા છે, સંસ્કાર છે, સંસ્કૃતિ છે. ચાહે તે શૈવ હોય, શાક્ત હોય ગાણપત્ય હોય કે પછી વૈષ્ણવ હોય, દરેક સનાતનધર્માનુયાયી માટે માલા-તિલકનું ખૂબજ મહત્વપૂર્ણ સ્થાન છે. માલા-તિલક સંપ્રદાયભેદને કારણે બદલાય છે. શાસ્ત્ર અનેક પ્રકારે તેનું વર્ણન કરે છે. શૈવ રુદ્રાક્ષની માલા અને લલાટે આડી રેખા સમ ત્રિપુંડ ધારણ કરે છે, જ્યારે આપણે વૈષ્ણવ હોવાથી તુલસી-કાષ્ઠની માલા ધારણ કરીએ છીએ અને લલાટમાં ઊભું તિલક કરીએ છીએ.

શ્રુતિ કહે છે કે : **वैष्णावा वै वनस्पतयो वैष्णावैस्तदुपाधते** એટલે વનસ્પતિ વૈષ્ણવ છે, એટલે તુલસી વનસ્પતિરૂપ અને વિષ્ણુ દેવતા છે. તેને વૈષ્ણવ માત્ર પોતાના કંઠમાં ધારણ કરે છે. જેમ પ્રતિશરીરમાં અંતર્યામિ સ્થિત છે, તેમ દરેક વૈષ્ણવની કોટમાં તુલસીની માલારૂપ (ઔષધિરૂપ ધારણ કરનાર શ્રીમહાપ્રભુજી)ની સ્થિતિ છે. તે વડે બધા વૈષ્ણવો પોતાના કંઠમાં તુલસીમાલા ના દર્શન સ્પર્શાદિ કરે છે; ભવને મટાડનાર (સંસારને) તુલસી છે; તેથી તે ઔષધિરૂપ કહેવાય છે. શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય પણ સંસારનિવારક અને ભગવદ્ પ્રાપ્તિ હોવાથી આપશ્રી ઔષધિરૂપે વૈષ્ણવના કંઠમાં રહી તેના સંસારને દૂર કરવા માટે ઔષધિરૂપ વેદમાં વર્ણવ્યું છે.

વેદમાં **आचार्यवान् पुरुषो वेद**, આચાર્યવાળો પુરુષ બ્રહ્મને જાણે છે. માલા આચાર્યરૂપ હોવાથી માલા ધારણ કરનાર પુષ્ટિમાર્ગીય જીવ ભગવાનના સ્વરૂપને જાણે છે એવો ઉપલી શ્રુતિનો અર્થ છે. માલા એ આચાર્યરૂપ હોવાથી માલા ધારણ કરનાર આચાર્યવાળો કહેવાય અને એવો પુરુષોત્તમના સ્વરૂપને જાણનાર પુરુષ જ સેવાનો અધિકારી હોઇ શકે. આચાર્યરૂપ સ્વરૂપને ન જાણે અને માલાને કંઠમાં ન ધારણ કરે એવો અવૈષ્ણવ સેવાનો અનધિકારી ગણાય છે.

અંતર્યામિ જીવની સાથે રહે છે તેમ આચાર્યરૂપ વનસ્પતિરૂપ તુલસીમાલા વૈષ્ણવના કંઠમાં રહે છે એમ કહેવાથી તુલસીની માલા સદા ધારણ કરવી જોઈએ. તેમાં પ્રમાણ શું ત્યાં વિષ્ણુધર્મમાં ભગવાન આ પ્રમાણે આજ્ઞા કરે છે:

तुलसीकाष्ठमालाञ्च कण्ठस्थां वहते तु यः ।
अप्यशौचोप्यनाचारो मामेवैति न संशयः ।।

તુલસીના લાકડાની માલા જે કંઠમાં ધારણ કરે છે તે અપવિત્ર કે અનાચારી હોય તો પણ મને જ પામે છે એમાં સંશય ન સમજવો.

સ્કન્ધ પુરાણમાં કહે છે કે :-

धात्रीफलकृता माला तुलसीकाष्ठसंभवा ।

दृश्यते यस्य देहे तु स वै भागवतोत्तमः ।।

આમલાના ફલની બનાવેલી માલા તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી માલાને જે પોતાના શરીરમાં ધારણ કરે છે તે ભગવદ્ભક્તમાં ઉત્તમ કહેવાય છે.

सन्निवेद्यैव हरये तुलसीकाष्ठसंभवाम् ।

मालां पश्चात्समाधत्ते स वै भागवतोत्तमः ।।

તુલસીના કાષ્ઠની માલા બનાવી ભગવાનને નિવેદન કરી જે પાછળથી ધારણ કરે છે તે ઉત્તમ ભગવદીય ગણાય છે.

तुलसीकाष्ठसंभूतां मालां यो वहते नरः ।

तारितं च कुलं तेन यावद्रामकथा क्षितौ ।।

તુલસીના કાષ્ઠની માલા ભગવાનને નિવેદન કરી જે પોતે કંઠમાં ધરે છે તેણે જ્યાં સુધી જગત્માં રામની કથા રહે; ત્યાં સુધી પોતાના કુલને તાર્યું છે એમ સમજવું.

ગરુડ પુરાણમાં માર્કણ્ય કહે છે કે :-

निवेद्य केशवे मालां तुलसीकाष्ठसंभवाम् ।

वहन्ति ये नरा भक्त्या तेषां वै नास्ति पातकम् ।।

જે તુલસીની કાષ્ઠની માલા ભગવાનને નિવેદન કરી પોતે ધારણ કરે છે તેને કોઇ પ્રકારનું પાપ લાગતું નથી.

सदा प्रीतमनास्तस्मिन् कृष्णो देवकिनन्दनः ।

तुलसीकाष्ठसंभूतां मालां यो वहते नरः ।।

જે તુલસીની માલા પહેરે છે, તેની ઉપર દેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણ સદા પ્રસન્ન રહે છે.

प्रायश्चित्तं न तस्यास्ति नाशौचं तस्य विग्रहे ।

तुलसीकाष्ठसंभूतां शिरोबाहुविभूषणाम् ।।

તેને પ્રાયશ્ચિત કરવું પડતું નથી. તેને અશૌચ લાગતું નથી. (તેના શરીરમાં કોઇ પ્રકારની અપવિત્રતા થતી નથી. એવો અશૌચ શબ્દનો અર્થ છે).

જેણે હાથ અને મસ્તકમાં તુલસીનાં બનાવેલા ઘરેણાં ધાર્યા છે, જેણે કંઠમાં તુલસીમાળા ધરી હોય તેને પાપ લાગતું નથી.

धारयेत् कण्ठदेशे तु तस्य वै नास्ति पातकम् ।

तुलसीकाष्ठमालां तु प्रेतराजस्य दूतिकाः ।।

दृष्ट्या नश्यन्ति दूरेण वातोद्धूतं यथा रजः ।

જેમ વાયુ ચાલતાં રજ દૂર ભાગવા માંડે તેમ જેણે તુલસીકાષ્ઠની માલા પહેરી હોય તેનાથી યમરાજની દૂતિકાઓ દૂર ભાગે છે.

तुलसीकाष्ठसंभूते माले कृष्णजनप्रिये ।।

बिभर्मि त्वामहं कण्ठे कुरु मां कृष्णवल्लभम् ।।

માલાની પ્રાર્થના આ પ્રમાણે કરી તેને કંઠમાં ધારણ કરવી : 'હે તુલસીના કાષ્ઠમાંથી બનેલી માલા, તમે શ્રીકૃષ્ણ જનને પ્રિય છો, હું તમને કંઠવડે ધારણ કરું છું; તેથી તમે મને શ્રીકૃષ્ણની પ્રીતિ કરાવો

ગરુડપુરાણ અને પદ્મપુરાણમાં કહે છે કે :-

धारयन्ति न ये मालां हैतुकाः पापबुद्धयः ।

नरकान्न निवर्तन्ते दग्धाः कोपाग्निना हरेः ।।

જે હૈતુકલોકો (એનું કારણ શું એમ પૂછનારા) પાપબુદ્ધિવાળા હોઇને કંઠમાં તુલસીની માલા ધારણ કરતા નથી, તે ભગવાનના ક્રોધાગ્નિથી બળીને નરકમાંથી છૂટતા જ નથી.

तुलसीकाष्ठमालोक्य कण्ठे वा मस्तके करे ।

निन्दां कुर्वन्ति ये मूढा म्लेच्छजास्ते न संशयः ।।

કોઇના કંઠમાં કોઇના હાથમાં કે કોઇના મસ્તક ઉપર તુલસીના કાષ્ઠને જોઇને જે લોકો નિંદા કરે છે તે મ્લેચ્છથી ઉત્પન્ન થયેલ છે, એમ સમજવું; એમાં સંદેહ ન રાખવો.

अत्रातिशयमालोक्य तुलसीं द्वेषयन्ति ये ।

बहुनोक्तेन किं पार्थ सर्वे ते ह्यन्यवीर्यजाः ।।

તુલસીમાલામાં અતિશય જોઇને જે તેનો દ્વેષ કરે છે તેને માટે વધારે તો શું કહેવું પણ તે અન્યવીર્યથી ઉત્પન્ન થયેલ છે એમ સમજવું.

यज्ञोपवीतवद्धार्या कण्ठे तुलसीमालिका ।

नाशौचं धारणे तस्या यतः सा ब्रह्मरूपिणी ।।

વળી સ્કન્ધપુરાણમાં કહ્યું છે કે જનોઇની પેઠે સદા તુલસીની માલા ધરવી. તેમ કરવાથી અપવિત્રતા થતી નથી; કારણકે તુલસીની માલા બ્રહ્મરૂપિણી છે.

હવે એક વિચિત્ર વાતને સમજવાનો પ્રયાસ કરીએ. ઘણાં વિચિત્ર પ્રકારનો તર્ક કરે છે. શું તે યોગ્ય તર્ક છે? કેટલાક લોકો તુલસીની માલા પોતાના કંઠમાં ધરે છે. પણ સેવા વખતે જ ધરે છે; પછી કંઠમાંથી ઉતારી નાખે છે. અને

પછી દલિલો કરે છે, તે આપણે હવે જોઇશું. તેઓ નીચેના વચનોને પ્રમાણ બનાવી તેના તાત્પર્યને સમજતા નથી. તેમાં કેવળ તુલસીમાલા લખી હોય ત્યાં તુલસી પત્રની માલા સમજવી. જ્યાં કાષ્ઠ શબ્દ લખ્યો હોય, ત્યાં આપણે પોતાના કંઠમાં ધારણ કરીએ છીએ તેવી માલા સમજવી; તેથી જ્યાં નિષેધ જોવામાં આવે છે; ત્યાં તુલસીપત્રની માલાનો છે. કાષ્ઠની માલા સદા ધારણ કરવાનો વિધિ છે તે જ વિરુદ્ધ વચનો નીચે પ્રમાણે છે :-

भोजने मैथुने चैव मलमूत्रविसर्जने ।

तुलसी धार्यते येन विष्णुद्रोही न संशयः ।।

ભોજન અને મૈથુન તથા મલમૂત્ર કરતી વખતે જે તુલસી ધારણ કરે છે તે વિષ્ણુનો દ્રોહી છે, એમાં સંદેહ નથી.

तुलसी धार्यते काण्ठे मलमूत्रविसर्जने ।

नरके पच्यते मूढो यमदण्डेन पीडितः ।।

લઘુશંકા કરતી વખતે તુલસીની માલાને કંઠમાં ધારણ કરે છે તે મૂઢ યમદંડથી પીડિત થઇ નરકમાં પાપના ફળને ભોગવે છે.

स्नानकाले यदा कण्ठे तुलसी धार्यते क्वचित् ।

तद्वारि पतितं पादे स पापिष्ठो नराधमः ।।

સ્નાન સમયે જે તુલસી કંઠમાં રાખે છે અને તુલસીને અડેલું જલ પગ ઉપર પડે છે તેનાથી તે પાપીજન મનુષ્યમાં અધમ થઇ રહે છે. તુલસી એ લક્ષ્મી છે અને લક્ષ્મી તુલસીરૂપ છે, ઇત્યાદિ વચનોથી પાંચ ઠેકાણે તુલસી ધારણ કરવાની હારિત મુનિ ના પાડે છે; તેથી કોઇ એમ કહે કે પૂજા વખતે માલા પહેરવી અને પછી ના વખતમાં ન પહેરવી તો ત્યાં બીજાં વચનો આપી સદા ધારણ કરવી એવો સિદ્ધાન્ત સિદ્ધ કરે છે, કે જ્યારે માલાને યજ્ઞોપવીત જેમ ધારણ કરવાનું કહે છે તો યજ્ઞોપવીત તો સદા ધારણ રહે છે. કર્મકાલે ધારણ થતું નથી. તેમ મલમૂત્ર વખતે કાઢી નાંખવામાં આવતું નથી. તે યજ્ઞોપવીતની પેઠે તુલસીની માલાને સદા ધારણ કરવાનું નારદ પંચરાત્રમાં કહ્યું છે.

आशौचे वाप्यनाचारे कालेऽकाले च सर्वदा ।

तुलसीमालिकां धत्ते स याति परमं पदम् ।।

આશૌચ-અનાચાર સમય-અસમયે પણ જે તુલસીમાળા ધારણ કરે છે તે પરમ પદને પામે છે. વળી સ્કંદપુરાણમાં લખ્યું છે કે :-

तुलसीकाष्ठमालां यो धृत्वा स्नानं समाचरेत् ।

पुष्करे च प्रयागे च स्नानं तेन मुनीश्वरः ।।

તુલસીકાષ્ઠની માલા પહેરીને જે સ્નાન કરે છે તે પુષ્કર ક્ષેત્રમાં અને પ્રયાગમાં ન્હાયો એમ હે મુનિશ્વર જાણે, વળી...

तुलसीकाष्ठमालां यो धृत्वा द्विजोत्तमः ।

सिक्थेसिक्थे च लभते वाजिमेधफलं मुने ।।

તુલસીકાષ્ઠની માલા પહેરીને જે બ્રાહ્મણ ભોજન કરે છે તેને એક એક ગ્રાસે અશ્વમેધ યજ્ઞનું ફલ મળે છે. એમ જ પદ્મપુરાણમાં પાર્વતીજીને શિવજી કહે છે કે :

स्नानकाले तु यस्याङ्गे दृश्यते तुलसी शुभा ।

गङ्गादिसर्वतीर्थेषु स्नातं तेन न संशयः ।।

સ્નાન સમયે જેના કંઠમાં સુંદર તુલસીની માળા દેખાય છે તેણે સર્વતીર્થમાં સ્નાન કર્યું એમાં સંદેહ ન સમજવો.

तुलसीमालिकां धृत्वा यो भुङ्क्ते गिरिनन्दिनी ।

सिक्थे सिक्थे स लभते वाजिमेबफलं शुभम् ।।

હે ગિરિનંદિનિ, તુલસીની માલા પહેરીને જે ભોજન કરે છે તેને કોળીયે કોળીયે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.

बहुना किमिहोक्तेन श्रृनु त्वं वरवर्णिनि ।

विड्डुत्सर्गादिकाले च न त्याज्या कण्ठमालिका ।।

હે વરવર્ણિનિ બહુ કહેવાથી શું ફાયદો છે પણ મલમૂત્રત્યાગમાં પણ તુલસીની માલા દૂર ન કરવી.

अन्तकालेऽपि यस्याङ्गे तुलसीमालिका स्पृशेत् ।

तस्य देहोद्भवं पापं तत्क्षणादेव नश्यति ।।

અંતકાલ સમયે જેના અંગને તુલસીની માલાનો સ્પર્શ થાય તેના દેહનાં પાપ તે ક્ષણે જ નાશ પામે છે.

कण्ठे शिरसि बाहुभ्यां कर्णयोः करयोस्तथा ।

बिभृयात्तुलसीं यस्तु स ज्ञेयो विष्णुना समः ।।

કંઠ, મસ્તક, બે હાથ, બે બાહુ, બે કાન એટલા સ્થાનમાં જે તુલસીને ધારણ કરે છે તેને વિષ્ણુની બરોબર સમજવો.

यत्कण्ठे तुलसी नास्ति ते नरा मूढमानसाः ।

अन्नं विष्ठा जलं मूत्रं पीयूषं रुधिरं भवेत् ।।

ततः सर्वेषु कालेषु धार्या तुलसिमालिका ।

क्षणार्द्धां तद्विना योपि विष्णुद्रोही न संशयः ।।

જે મૂઢ મનવાળાના કંઠમાં તુલસી નથી તેના હાથનું અન્ન વિષ્ટા બરોબર, જલ મૂત્રવત્ અને અમૃત રુધિર બરોબર સમજવું. માટે સર્વદા તુલસીમાલા ધારણ કરવી. એક પળ પણ તેની વગર રહે તે વિષ્ણુનો દ્રોહી સમજવો.

हरिनामाक्षरयुतं भाले गोपीमृदाङ्कितम् ।

तुलसीमालिकोरस्कं न स्पृशेयुर्यमोद्भटाः ।

ऊर्ध्वपुण्ड्रस्य मध्ये तु विशाले सुमनोहरे ।

सान्तराले समासी नो हरिस्तत्र श्रयिा सहे ।।

વળી જેના કપાળમાં ગોપીચંદન વડે તિલક કરેલું હોય અને કંઠમાં તુલસીની માલા છાતી સુધી લટકતી હોય તેને યમદૂત સ્પર્શ કરી શક્તા નથી. ઊર્ધ્વપુંડ્રના(**ऊर्ध्वपुण्ड्र**) વચમાં (**मध्य**) જગ્યા રહે છે તેમાં ભગવાન લક્ષ્મીની સાથે રહે છે તેવું સમાન્તર (**सान्तराले**) વિશાળ તિલક જે સુમનોહર છે, તેવું કરવું. એ વચનથી શ્રીનું ધારણ કરવું તે ઘટતું નથી.

એ પ્રમાણે તુલસીકાષ્ઠની માલા નિત્ય ધારણ કરવાનું ઉપરના વાક્યોથી સિદ્ધ થયું. નિષેધ વાક્યો તુલસીપત્રની માલા પરત્વે લેવાં. આથી વિરોધ આવતો નથી એ સિદ્ધ થયું. આવી જ રીતે તિલક માટે પણ શાસ્ત્ર અનેક પ્રકારે વર્ણન કરે છે. અને જે આપણા વૈષ્ણવો દ્વારા કરાતું ઊભું તિલક વિશે આજ્ઞા પ્રાપ્ત થાય છે. આપણે તે પણ સમજવાનો પ્રયાસ કરીએ.

: તિલક માહાત્મ્ય :

પદ્મપુરાણમાં શ્રીભગવાનની ઉક્તિ છે કે મારી પ્રસન્નતા માટે, માંગલ્ય અને રક્ષા માટે, હે ચતુરાનન બ્રહ્મા, મારે પૂજા તથા હોમ કરવાના સમયની શરૂઆતમાં સાંજ-સવાર સાવધાન થઈને મારા ભક્તો હંમેશાં ભય દૂર કરનાર ઊભું તિલક ધારણ કરવું. તો વળી નારદજી કહે છે કે ઊભું તિલક ન કર્યુ હોય તો યજ્ઞ, દાન, તપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ એ બધું વ્યર્થ જાય છે. પદ્મપુરાણમાં ઉત્તરખંડમાં કહ્યું છે કે ઊભું તિલક કર્યા વિના જો કોઇ કંઇ પણ કાર્ય કરે, ઈષ્ટકે આપૂર્ત કરે, તો તે નિષ્ફલ થાય છે, તેમાં સંશય નથી.

ઊભું તિલક વિના જો સંધ્યાકર્માદિ કરે, તો તે સર્વ રાક્ષસ કર્મ થાય છે અને તેવો માણસ નરકમાં પડે છે. અન્ય સ્થળે કહ્યું છે કે ઊભા તિલક પર જે નરાધમ ત્રિપુંડ્ર કરે છે, તો તે પવિત્ર વિષ્ણુમંદિરને ભાંગ્યા બરાબર થાય છે ને તે અવશ્ય નરકમાં જાય છે. પદ્મપુરાણમાં નારદજી કહે છે કે જો મનુષ્યનું શરીર ઊભા તિલક વિનાનું હોય તો તે જોવું નહિ, તે સ્મશાન સમાન છે. તેમાં ઉત્તરખંડમાં કહ્યું છે કે વૈદિક બ્રાહ્મણે શુભ્ર મૃત્તિકા વડે ઊભું તિલક કરવું, આપત્તિ આવી પડે તોય કદી વિદ્વાન માણસે તિલક વાકું કે ત્રાંસુ ધારણ ન કરવું.

સ્કંધપુરાણમાં કહ્યું છે કે મરણ આવી પડે તોય તિલક પુંડ્ર ધારણ કર્યા સિવાય ન રહેવું. કોઈપણ માણસે નારાયણ સિવાય અન્ય નામનો ઉચ્ચાર ન કરવો. વિષ્ણુની પ્રસાદીરૂપ, ધૂપશેષ, ચંદનપ્રસાદી, વિષ્ણુસંબંધી ગોપીચંદનનું ઊભું તિલક કરવું. ત્યાં કાર્તિક પ્રસંગમાં પણ કહ્યું છે કે જે નરના લલાટમાં ઊભું તિલક ન હોય, તેનું દર્શન ન કરવુંને તેનું દર્શન થઈ ગયું હોય તો તરત સૂર્યદર્શન કરવું. જે બ્રાહ્મણના કપાળમાં ત્રિપુણ્ડ્ર હોય ને ઊભું તિલક ન હોય, તો તેને સ્પર્શીને કે જોઈને સદૈવ સ્નાન કરવું.

વૈષ્ણવે ઊભું તિલક કરવું, ત્રિપુણ્ડ્ર ન કરવું, કેમકે ત્રિપુણ્ડ્ર કરનાર માણસની કોઇ ક્રિયા શ્રીહરિને પ્રસન્ન કરતી નથી. સ્કંધપુરાણમાં કહ્યું છે કે મૃત્તિકાથી કરેલું શ્વેત ઊભું તિલક જેના કપાળમાં દેખાય છે, તે ચાંડાળ હોય તો પણ શુદ્ધાત્મા છે ને પૂજ્ય છે. તેમાં સંશય નથી. ઊભું તિલક કરવામાં લક્ષ્મી રહેલી છે, યશ રહેલો છે. મુક્તિ અને શ્રીહરિ

પણ રહેલા છે. બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે અપવિત્ર, દુરાચારી અને મનથી પાપ આચરતો માણસ ઊભું તિલક કરે તો નિત્ય પવિત્ર બને છે.

અરીસામાં કે જલમાં જોઈને મહાભાગ્યવાન પ્રયત્નપૂર્વક ઊભું તિલક કરે છે, તે પરમ ગતિને પામે છે. સ્મૃતિમાં કહ્યું છે કે બન્ને બાહુમૂલમાં શંખ અને ચક્રથી અંકિત થઇ નિત્ય શ્રીહરિનું પૂજન કરવું, તે વિના એટલે શંખચક્રનાં ચિહ્નોથી અંકિત થયા વિના પૂજન ન થઇ શકે. આદિત્યપુરાણમાં કહ્યું છે કે શંખ, ચક્ર અને ઊભું તિલક વિનાના અધમ બ્રાહ્મણોને રાજાએ ગધેડા પર બેસાડી પોતાના રાજ્યમાંથી કાઢી મૂકવો જોઈએ.

પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહ્યું છે કે શ્રીહરિનું અતિપ્રિય એવાં શંખ, ચક્રાદિ ચિહ્નો વિનાનો વિપ્ર સર્વધર્મથી ચ્યુત થઇ નરકમાં પડે છે. જે માણસનું શરીર નિત્ય નારાયણનાં આયુધોથી અંકિત હોય અને તે કરોડો પાપ કરનારો હોય, તોએ યમ તેને શું કરી શકે? શંખ, ચક્ર, પદ્મ, ગદા, મત્સ્ય અને કૂર્મનાં ચિહ્નો પોતાના શરીર પર જે કરે છે, તે હંમેશાં સો (૧૦૦) જન્મોનાં કરેલા પુણ્યોમાં વૃદ્ધિ કરે છે, અને પાપોનો ક્ષય કરે છે.

પુરુષોત્તમ (અધિક-મલ)માસ સમાપ્ત થઇ શુદ્ધ માસ શરૂ થાય છે, અને આપણા માટે ગૌરવવંતા દિવસ છે. શ્રીચતુર્થવંશ જનની આદ્ય માતૃચરણ શ્રીમતી પાર્વતી દાદીજીનો પ્રાગટ્યોત્સવ (સં.૧૬૧૬) આવી રહ્યોં છે (જે શ્રીચતુર્થકુમાર દાદાજી શ્રીગોકુલનાથ પ્રભુચરણના સ્વામિની સ્વરૂપ વહુજી છે). આઓ આપણે વધાવીએ....

સાભાર : કાશીસ્થ શ્રીમદ્‌ગોસ્વામિ શ્રીગિરિધરજી વિરચિત શ્રુતિ રહસ્યનો ગુર્જરભાષાનુવાદ કરનાર મૂલચન્દ્ર તેલીવાલા પ્રગટીત પુસ્તકમાંથી અને કલ્લોલમાંથી સાભાર

ભાવત્કઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

-: વધાઇ વધાઇ વધાઇ :-

સૌભાગ્ય શિરોમણિ સાર શ્રીવહુજી તે સર્વદા એ, શ્રીગુસાંઇજીને પ્રિય પરમ રુચિશું સદા એ.

માર્ગ પ્રણિત સેવા વિષે સુખદ શિરોમણિ એ, સર્વગુણે સંપૂર્ણ સાસરે રહ્યાં રુચિ ઘણીએ.

ગોણાંની રીત વેણે ભટ્ટે આવી કરી આંહાં એ, પધાર્યાં નહીં સેવા મેહેલીને ફરીઅ પીયર માંહાં એ.

कवित

श्रीनाथजीसों प्रीत राखी, आचार्य रीत राखी है, धर्मकी प्रती राखी, राज रीत राखी है ।

कुलकी मरजाद राखी, भक्तनकी लाज राखी; भक्त सींधुपै पेज बांधा, टेक द्रढ़ राखी है ।

कहत गहर गोपाल खाखी, मुख धूर नाखी; आखी भूमी जाकी, वाह वाह भाखी,

चारों वेद साखी, शुक पुरानन भाखी; तुलसीकी माला, श्रीगोकुलेशने राखी है ।

|| શ્રીગોકુલેશો જયતિ ||

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ વૈશાખ (અધિક) વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૬ વૈશાખ (શુદ્ધ) સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)
મઈ ૧૦, ૨૦૧૦ થી મઈ ૨૪,૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૨ - વૈશાખ (અધિક) વદ	સોમ	મઈ-૧૦	**શ્રીપદ્મા એકાદશી વ્રત।**
૧૨	મંગળ	૧૧	
૧૩	બુધ	૧૨	
૧૪	ગુરૂ	૧૩	
૩૦-૧	શુક્ર	૧૪	શ્રીપુરુષોત્તમ (અધિક) માસ પૂર્ણ ।
૨ - વૈશાખ (શુદ્ધ) સુદ	શનિ	૧૫	
૩	રવિ	૧૬	**અક્ષય તૃતીયા. ચન્દન યાત્રા. ત્રેતાયુગનો પ્રારંભ દિવસ.**
૪	સોમ	૧૭	
૫	મંગળ	૧૮	**શ્રીચતુર્થવંશ જનની આદ્ય માતૃચરણ શ્રીમતી પાર્વતી દાદીજીનો પ્રાગટ્યોત્સવ (સં. ૧૬૧૬) (શ્રીચતુર્થકુમાર દાદાજી શ્રીગોકુલનાથજી પ્રભુચરણના સ્વામિની સ્વરૂપ વહુજી)**
૬	બુધ	૧૯	
૭	ગુરુ	૨૦	
૮	શુક્ર	૨૧	
૯	શનિ	૨૨	
૧૦	રવિ	૨૩	

સ્વભાવથી જ ભગવાન પોતાના સેવકોનો સંસાર મટાડે છે, અને શરણે આવેલાઓ સેવક બરાબર છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૫.૧૧)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- *શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.*

II श्रीगोकुलेशो जयति II

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

ગઢામાં નિવાસ

...ગતાંકથી આગળ

રાણીને નામનું દાન :-

આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુ પોતાને ત્યાં પધારતાં દુર્ગાવતી રાણી રાજ્યનો સઘળો કારભાર વિશ્વાસુ પ્રધાન વર્ગને સોંપી પોતાનો ઘણો ખરો વખત આપશ્રીની સેવામાં નિર્ગમન કરવા લાગ્યાં. પ્રસંગોપાત્ત રાણી શ્રીગુસાંઇજીને નામ પામવા તથા બ્રહ્મસંબંધ કરાવવા વિનંતી કરતાં, પણ શ્રીગુસાંઇજીએ જો કે પોતે એમને ત્યાં લગભગ ત્રણેક વર્ષ સુધી બિરાજ્યાં તો પણ એ રાણીને બ્રહ્મસંબંધ કરાવ્યું નહિં. અત્રે એક ગંભીર અને માર્ગના મૂળરૂપ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે એતન્માર્ગમાં ગુરુ દ્વારા બ્રહ્મસંબંધ થયા સિવાય કોઈપણ જીવ પ્રભુની સેવાયોગ્ય થતો નથી અને બ્રહ્મસંબંધ થયા પછી જ એની સેવા પ્રભુ અંગીકાર કરે છે, તેથી જ શ્રીમહાપ્રભુજીના સમયથી એ આજ પર્યંત સેવામાં જોડાતા પહેલાં દરેક જીવને બ્રહ્મસંબંધ કરાવવામાં આવે છે, તો રાણીશ્રી દુર્ગાવતી જેવા ફલાત્મક ભક્ત(જેને માટે શ્રીગોકુલેશ પ્રભુ પોતે એમને ત્યાં પધાર્યા)ને શ્રીગુસાંઇજી તથા શ્રીગોકુલેશ પ્રભુએ શા માટે બ્રહ્મસંબંધ કરાવ્યું નહિં હોય ?

જો એમને બ્રહ્મસંબંધ કરાવ્યું નહિં તો પછી એમની સેવાનો અંગીકાર કેવી રીતે કર્યું ? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય સેવક એવા ગોપાલદાસભાઇ વ્યારાવાળા શ્રીગુસાંઇજીના વચન દ્વારા જણાવે છે કે : નામ (અને બ્રહ્મસંબંધ) આપવાનો હેતુ તો એ છે કે જે માર્ગને પ્રતિકૂલ જીવ હોય તેને નામ દ્વારા અનુકૂળ તથા સન્મુખ કરી સ્વરૂપસંબંધ કરાવે એટલે કે સેવામાં પ્રતિકુળ દોષોનો ધ્વંસ કરી જે જીવો પ્રભુથી વિમુખ છે તેમને પ્રભુના સ્વરૂપ સાથે સંબંધ કરાવવો એ જ નામ આપવાનો હેતુ છે, પણ રાણી તો આગળ જણાવ્યા પ્રમાણે રસાવેશી સ્વરૂપાસક્ત ફલાત્મક ભક્ત હતાં એમને નામનું શું પ્રયોજન ? શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખનાં વચન છે કે :

ઈનકો અંત:કરણ તો વૈષ્ણવ હી હુતો એહ.
એક નામ નહિ પાઇ એમ બોલ્યા છે જેહ. ૧૯૦
મર્યાદાહિત નામની, કીધી વિનતી માત્ર;
પણ એ નામ કેમ પામે, રાણી મહારસ પાત્ર. ૧૯૧
શ્રીજીના ગુણ સ્વરૂપ-સહિત અંતરગત માંહે;
બાહ્યાભ્યંતર રમી રહ્યાં, નામનું કાજ ન ત્યાંહે. ૧૯૨
નામ સાધન, ને સ્વરૂપ ફલ પામ્યા રસરાજ;
તો સાધનને એ શું કરે, નામ તણું શું કાજ. ૧૯૩

(પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૧૮)

વળી શ્રીગુસાંઇજી પણ તૃતીય વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે કે :

शास्त्रं नियामकं तावद् यावत् पूर्णा कृपा न ते ।

कृपया ते हि पूर्णस्य नैव कोऽपि नियामकः ।। ६ ।।

અર્થ :- જ્યાં સુધી આપની (શ્રીહરિની) પૂર્ણ કૃપા હોતી નથી ત્યાં સુધી જીવને શાસ્ત્ર નિયામક છે, પણ જ્યારે આપની (શ્રીહરિની) પૂર્ણ કૃપા થાય છે ત્યારે તો જીવને માટે શાસ્ત્રો પણ નિયામક નથી.

રાણીનો દેહ તો રસાવરણ થતાં સ્વરૂપાત્મક હતો એને નામનું શું પ્રયોજન? વળી નીકળતી વખતે રાણીની વિનંતી પર શ્રીગુસાંઇજીએ નામ આપી રાણીને માર્ગમાં સ્થિત કરવા વિચાર કર્યો, પણ શ્રીગોકુલેશ પ્રભુએ વિચાર્યું કે જેણે મહારસ અનુભવ કર્યો તે સ્થિત કેમ હોય! સ્વરૂપાત્મિકનો સ્વરૂપે જ વિનિયોગ તેથી રાણીને નામનો સંયોગ મળ્યો જ નહિં.

જેણે રસ પાન કર્યો તે રસનો ધર્મ;
સ્વરૂપ થકી સ્થિત, અલગી ન હોય એહ જ મર્મ. ૨૦૬

<u>રથોત્સવ</u> :-

શ્રીગોકુલેશ પ્રભુ ગઢે બિરાજતા હતા એવામાં રથોત્સવ આવ્યો. શ્રીપુરુષોત્તમક્ષેત્ર રથોત્સવ જોઇ આવી શ્રીગુસાંઇજીએ આગળ જણાવ્યા પ્રમાણે અડેલમાં શ્રીગોકુલેશ પ્રભુનો રથોત્સવ કર્યો હતો ને એ કરતાં પણ વધારે વૈભવથી અત્રે એ ઉત્સવ કરવામાં આવ્યો. સોળ પૈડાંનો એક ભવ્ય રથ તૈયાર કરાવ્યો અને એને રાણીના ઉત્તમોત્તમ ઘોડા જોડ્યા. અષાઢ સુદિ ૨ના રોજ પ્રાત:કાલમાં પુષ્ય નક્ષત્રમાં શ્રીગોકુલેશ પ્રભુને શ્રીગુસાંઇજીએ સ્વહસ્તે શૃંગાર કરી રથમાં પધરાવ્યા. શ્રીગુસાંઇજી, રાણી, ચાચાજી, તથા ચાંપાભાઇ વગેરે ભક્તજન રથમાં બિરાજેલા શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપામૃતનું પાન કરતા વાજિંત્રના મધુર ધ્વનિ સાથે રથની આગળ ચાલતા હતા.

આ સિવાય સાજનમાં અનેક ભક્તજન, દરબારીઓ તથા શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ આવ્યા હતા. ધીમે ધીમે રથ આગળ ચાલ્યો. રસ્તામાં ભોગ સમર્પાતો, આરતી ઉતારાતી, તથા ન્યોછાવરી વારી રાઇલૂણ ઓવારવામાં આવતાં. થોડેક દૂર ગયાં એટલામાં શ્રીગોકુલેશ પ્રભુના દર્શન માટે રાણીને ઘણી આરતી થઇ, પણ રથની આગળ શ્રીગુસાંઇજીની સાથે એ હતાં, તેથી પાછા ફરી દર્શન કરી શક્યાં નહિ અને તેથી તીવ્ર વેદના થવા લાગી. ભક્તવત્સલ શ્રીગોકુલેશ પ્રભુએ પથ્થરના ચોતરા પાસે આવતાં ઇચ્છાપૂર્વક રથનું પૈડું અડકાવ્યું તેથી શ્રીગુસાંઇજી વગેરે પાછા ફર્યા અને પૈડું બહાર કાઢવા યત્ન કરવા લાગ્યા.

શ્રીગુસાંઇજીએ ચોતરો ખોદવા પાવડો મંગાવવા કહ્યું ત્યારે રાણીએ પોતાના ઉમરાવ વીરશાહને કહ્યું કે 'તમારો ખપુઆ કોન કામ આવેગો?' એટલું કહેતાં વીરશાયના અનેક માણસો ચોતરો ખોદવા મંડી ગયા અને ક્ષણવારમાં ચોતરો આખો ખોદી કાઢ્યો. ચોતરો ખોદાયો એ દરમ્યાન રાણીએ પોતાનો દર્શનનો મનોરથ પૂર્ણ કર્યો. પછી રથ આગળ ચાલ્યો અને આખા નગરમાં ફેરવી મંદિરે લાવ્યા. રથમાંથી ઊતરી શ્રીગોકુલેશ પ્રભુએ દર્શન દ્વારા અનેક ભક્તજનનું સન્માન કર્યું અને છેવટે જય જયના શબ્દો વચ્ચે સર્વ મંડળ વિસર્જિત થયું.

બીરબલ :-

કેટલીક વખત રાણી કામના બાહુલ્યનું બહાનું કાઢી શ્રીગુસાંઇજીને પોતાને ત્યાં પધરાવતાં. તે વખતે શ્રીગોકુલેશ પ્રભુ પણ સાથે જ પધારતા અને રાણીને અલભ્ય લાભ મળતો. આવા એક પ્રસંગે શ્રીગુસાંઇજી શ્રીગોકુલેશ પ્રભુ સાથે રાણીને ત્યાં સભામાં બિરાજ્યાં હતા તેવામાં એક બ્રહ્મદાસ નામના બ્રાહ્મણ આવી પદ ગાયું : 'કર મોરલી કટી ગ્રીવા કુટિલ કીકીએ અંગના જન ઘેરે...', એ સાંભળી શ્રીગુસાંઈજી પ્રસન્ન થઇ બોલ્યા કે કેવલ શુદ્ધ જાત વર્ણન છે. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઇ પોતાના શ્રીઅંગ પરની ડગલી એને બક્ષિસ આપી. એણે એ દંડવત્ પ્રણામ કરી લીધી.

ડગલી દ્વારા શ્રીગુસાંઈજીએ એ બ્રાહ્મણનું દારિદ્રય કાઢ્યું. એ ડગલીના પ્રતાપથી એણે દિલ્હીશ્વર (અક્બર)ના મિત્ર થઇ એને સાધ્યો. એનું નામ બીરબલ પડ્યું. પાછળથી દુ:સંગથી બહિર્મુખ થયો. મોટાના અનુગ્રહથી ક્ષણમાં ભિખારીમાંથી રાજા (રાજા બીરબલ થયો, પણ દુ:સંગથી બહિર્મુખ થયો. આ બતાવે છે કે દુ:સંગનું બળ કેટલું છે. મહાબુદ્ધિમાનને પણ એક ક્ષણમાં એ મૂર્ખ બનાવે છે અને હજારો વર્ષનો સત્સંગ ક્ષણભરના દુ:સંગથી નિર્મૂળ થઇ જાય છે, તેથી જ મહાનુભાવી શ્રીહરિરાયજી એમનાં શિક્ષાપત્રોમાં આજ્ઞા કરે છે કે વૈષ્ણવે દુ:સંગથી નિરંતર સાવધ રહેવું, એ એક મહાન પ્રબળ શત્રુ છે.

શ્રીરુક્મિણીજીનું અંતર્ધાન :-

આવી રીતે ગઢામાં શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલેશ પ્રભુ નિજ જનોને અનેક પ્રકારનો અનુભવ કરાવી અદેય દાન દેતા હતા. એવામાં પોતાના પુત્રરત્ન શ્રીગોકુલેશ પ્રભુનું અનેક પ્રકારનું સુખ ભોગવી શ્રીરુક્મિણીજી અંતર્ધાન થયા. શ્રીગુસાંઈજીએ વેદ તથા લોકાચાર પ્રમાણે ઉત્તર ક્રિયા કરી પોતાનો ગૃહસ્થાશ્રમ-ધર્મ બજાવ્યો.

શ્રીગુસાંઈજીનો વિવાહ :-

શ્રીરુક્મિણીજી અંતર્ધાન થયા પછી શ્રીગુસાંઈજી ફરી લગ્ન કરવાની ગ્રંથિમાં જોડાવા ઈચ્છતા નહોતા. રાણીએ ઘણો જ આગ્રહ કર્યો, પણ એમણે માન્યું નહિ. છેવટે રાણીએ શ્રીગિરિધરજીને શીખવ્યું કે તમે શ્રીગુસાંઈજીને કહો: જો આપ ફરીથી લગ્ન કરશો નહિ તો હું પણ કરીશ નહિ. રાણીની શિખવણીથી શ્રીગિરિધરજીએ પણ સખ્ત આગ્રહ કર્યો એટલે છેવટે ભક્તાધીન શ્રીગુસાંઈજીએ પોતાની મમત છોડી ભક્તજનનો મનોરથ સિદ્ધ કરવા બીજા લગ્નની વાત કબૂલ રાખી. રાણીએ શ્રીગુસાંઈજીનું બીજું લગ્ન કૃષ્ણરાય દુસેરીને ઘેર શ્રીપદ્માવતીજી સાથે સં. ૧૬૨૦ના વૈશાખ શુક્લ ૩ના રોજ ગોરજ વેળાએ (સંધ્યાકાળે) ઘણા ઠાઠમાઠથી કર્યું.

આ પ્રસંગમાં શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખનું વચન છે કે :'જ્યારે ઘરમાં શ્રીગુસાંઈજીનો વિવાહ થયો ત્યારે અમે સર્વ એક ભટને ઘેર ગયા હતા, કારણકે જ્ઞાતિમાં એવી રીત હતી કે પિતાનો મોડ (લગ્ન વખતે માથે મૂકવામાં આવે છે એ) પુત્રથી જોવાય નહિ, પણ શ્રીગુસાંઈજીને અમારા સિવાય રહેવાતું નહિ તેથી લગ્નની ક્રિયા પૂરી થતાં શ્રીગુસાંઈજીએ મોડ ઉતારી અમને લીધઅ ત્યારે જ એમને શાંતિ થઇ'.

..ક્રમશ:

સંયોજન:- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાક્સુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઇજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું અઢારમું નામ **अदेय-दान-दक्षश्च**[૧૮] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં જો આપણે અનુસંધાન કરવું હોય તો આપણે અદેયદાનદક્ષશ્ચને દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ આ નામની પ્રતિતી થાય. **अक्षण्वतां फलमिदं (१०.२१.७), देव्यो विमानगतयः (१०.२१.१२), दामोदराधरसुधामपियः (१०.२१.९), रामकृष्णचरणस्पर्शप्रमोदः (१०.२१.१८).**

શ્રીગુસાંઇજી પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે જે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો, આપશ્રી જે જીવોને અંગીકાર કર્યા છે તે ભક્તિમાર્ગની મર્યાદાની સાથે અંગીકાર કર્યા છે, કારણકે શ્રીમહાપ્રભુજી ભગવાન વિના અન્ય કોઇ જેનું દાન કરી શકે તેવી ભક્તિનું દાન કરવામાં સમર્થ છે. એવા શ્રીમહાપ્રભુજી છે, તેથી શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનું અઢારમું નામ **अदेय-दान-दक्षश्च**[૧૮] પ્રગટ કર્યું.

હવે કહે છે કે મર્યાદામાર્ગના સાધન શ્રવણ-મનન વગેરેનું ફલ મુક્તિ સુધી હોય છે. તે તો બીજા આચાર્યોએ પણ દાન કર્યું છે. તે જ પ્રકારે શ્રીમહાપ્રભુજી પણ મુક્તિનું દાન કરે ત્યારે તો બીજા બધા આચાર્યોની બરાબર આપ પણ ન થયા! ત્યારે તો આપનું પ્રાગટ્ય નકામું થઇ જાય! તેથી આપ કેવા છે કે શ્રીઠાકોરજી સિવાય બીજા કોઇથી ફલદાન ન કરી શકાય તેને આપવામાં સામર્થ્યવાન છે. આ બતાવવા માટે શ્રીગુસાંઇજીએ **अदेय-दान-दक्षश्च**[૧૮] નામ કહ્યું.

હવે કોઇ શંકા કરે છે કે જે દાતા હોય તે તો પાત્ર જોઇને દાન કરે. શ્રીઆચાર્યજી જો જીવોની યોગ્યતાનો વિચાર કરે ત્યારે તો જીવોનું ક્યાંથી ઠેકાણું પડે! (જીવોની કોઇ યોગ્યતા ન નથી). તો જ્યારે આવી શંકા થાય ત્યારે શ્રીગુસાંઇજી હવે શ્રીમહાપ્રભુજીનું ૧૯મું નામ પ્રગટ કરે છે, અને આજ્ઞા કરે છે કે : **महोदार-चरित्रवान्**[૧૯] શ્રીમહાપ્રભુજી, આપશ્રીની અત્યંત ઉદાર ચરિત્રવાળા છે.

अदेय-दान-दक्षश्च[૧૮] **महोदार-चरित्रवान्**[૧૯] ।।
प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः[२०] ।। ११ ।।

ભાવાર્થ :- [૧૮]ભગવાન વિના અન્ય કોઇ જેનું દાન કરી શકે તેવી ભક્તિનું દાન કરવામાં સમર્થ (એવાં શ્રીમહાપ્રભુજી), [૧૯]અત્યંત ઉદાર ચરિત્રવાળા, [૨૦]પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનારા છો.

महोदार-चरित्रवान्[૧૯] :- આપશ્રીની (શ્રીમહાપ્રભુજી) અત્યંત ઉદાર ચરિત્રવાળા છે.

રાગ : બિભાસ

મહોદારચરિત્રવાનકી પદરજ હૌં પાઊં ।
અસદાલાપ અસત્સંગતિ ઔર સબૈ બિસરાઊં ।। ૧ ।।
સુભગ મૂરતિ શ્રીવલ્લભ બિન કહું ના સીસ નવાઉં ।
હરિસેવા હરિકથા છાંડિકે અનત કહૂં નહિં જાઊં ।। ૨ ।।
નિસિદિન ગુનગાન કરૌં નૈનનિ હ્દૈ સિરાઉં ।
'ગોવિન્દ' જન ઈતનૌ ચાહત દાસ તિહારૌ કહાઊં ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી, [૧૯]અત્યંત ઉદાર ચરિત્રવાળા **મહોદાર-ચરિત્રવાન્**[૧૯] છે.

મૂળ ટીકાનો ભાવાર્થ :- જોકે આચાર્યશ્રીમાં (બીજાથી) ન આપી શકાય તેવું ફલ આપવાની શક્તિ છે, છતાં પણ દાન કરનાર પાત્રાપાત્ર (લાયકાત)નો વિચાર કરીને જ દાન કરે છે, તેમ આચાર્યશ્રી પણ પોતાના માર્ગનું ફલ આપતા હશે, એવી શંકા દૂર કરવા 'મહોદાર ચરિત્રવાન્' એ (નામ) કહેલું છે. જો (આચાર્યશ્રી) માત્ર દાન કરનાર જ હોત, તો પાત્ર અને અપાત્રનો વિચાર કરીને જ દાન કરે તે યોગ્ય ગણાય. આચાર્યશ્રી તો માત્ર દાન કરનાર નથી, પરંતુ ઉદારપણાથી દાન કરનારા છે.

માત્ર દાન અને ઉદારપણાંથી દાન એ (બે)માં એટલો ભેદ છે કે માત્ર દાન કરનાર તો દેશ અને કાલનો વિચાર કરીને, ફલને ધ્યાનમાં લઈને, પાત્ર અને અપાત્રનો વિચાર કરીને દાન કરે છે. ઉદાર (દાન કરનાર) તો દેશ વગેરેનો વિચાર કર્યા વિના જ પોતાના કુદરતી ઉદારપણાના ગુણને લીધે જ દાન કરે છે; પરંતુ પહેલાં કહેલ કોઈએનો વિચાર કરીને જ દાન કરતો નથી. આ તો સાધારણ ઉદારપણાનો ગુણ કહ્યો. આચાર્યશ્રી તો અલૌકિક હોવાથી અસાધારણ છે. તેથી તેમનું ઉદારપણું પણ અસાધારણ છે એમ જણાવવા 'મહોદારચરિત્રવાન્' એ (નામ) કહેલું છે.

ઉદારપણું અલૌકિક હોવાથી અસાધારણ હોવાનું જણાવી તેને જ 'મહત્' (ઘણું) કહ્યું, તે પોતાના માર્ગનું અલૌકિક ફલ દાન કરવામાં ઉદારપણું છે એમ જણાવવા 'મહોદારચરિત્રવાન્' એ (નામ) કહેલું છે. ઘણું ઉદાર જે ચરિત્ર તેવાં ચરિત્રવાળા (આચાર્યશ્રી) છે. તેથી પોતે પ્રગટ કરેલા ભક્તિમાર્ગમાં જ રહેલા જીવોને તેનાં ફલનું વિચાર કર્યા વિના જ દાન કરે, તેમાં કાંઈ વિરોધ નહિ હોવાથી સર્વ દોષરહિત છે. 'મહોદાર ચરિત્રવાન્' કહ્યાં, તેથી આચાર્યશ્રીમાં આ ગુણ સ્વાભાવિક છે, પણ અકસ્માતિક નથી એમ પણ જણાવેલું છે. ૧૯

સરળ સમજૂતિ :- ભગવદ્ પ્રાપ્તિના સાધન ક્રમમાં માનસી ભક્તિ પરામતા સિદ્ધભક્તિ ગણવામાં આવે છે. માનસીભક્તિની સિદ્ધિ માટે તનુજા-વિત્તજા એ સાધનરૂપ ભક્તિ છે અને એના દ્વારા જ માનસીભક્તિ સિદ્ધિ થાય છે તેવો સંપ્રદાયમાં અલૌકિક સાધનક્રમ બતાવવામાં આવ્યો છે. પરંતુ આપશ્રી પોતાની મહોદારતાના કારણે સાધન વિના જ અંતિમ લક્ષ્ય સિદ્ધિ પ્રદાન કરે છે. ત્રિપુરદાસ કાયસ્થને આપે માનસીનું દાન કર્યું અને આ દાનના પ્રતાપે ત્રિપુરદાસની ઈચ્છાનુસાર તેમની દષ્ટિ સમિપે સદાએ શ્રીનાથજીના સ્વરૂપ દર્શન થતાં હતા.

શ્રીમહાપ્રભુજી, અત્યંત ઉદાર ચરિત્રવાળા મહોદાર-ચરિત્રવાન્[૧૯] છે.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાક્ સુધામાંથી સાભાર

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૨૩. આચાર-વિચાર અને સેવા-શિક્ષા

અબ ઓરહું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે સો કહત હે જો, વૈષ્ણવકો સખડી અનસખડીકો વિચાર રાખનો. જામેં ન સમુજે તો જો પુષ્ટિમાર્ગીય ભગવદીય હે-ખાસા મર્યાદી હે તિનસો પૂછનો. ઓર વૈષ્ણવ સામગ્રી અરુ મહાપ્રસાદમેં વિચાર રાખે ઓર સામગ્રીમેં શ્રીઠાકોરજીકી સત્તા જાનની. મહાપ્રસાદમેં વૈષ્ણવકી જુઠિન જાની અપની સત્તા ન જાને. સામગ્રીકી સેવા પવિત્ર હોય કે ખાસા જલસો હાથ ધોય વિવેક વિચાર સહિત સ્પર્શ કરે. પાછે આછો ભાવનીક વૈષ્ણવ હોય તિનકે હાથ સિદ્ધિ સામગ્રી દિખાવની, ઓર ટહલ કરવાવની. ઓર જહાં તાંઇ બને તહાં તાંઇ સામગ્રીકી ટહલ આપહું કરે ઓર જો શાકાદિક સામગ્રી બજારમેંતે મંગાવની હોય સો નામધારી વિના કાહુસો ન મંગાવે.

ઓર જહાં તાંઇ થાય તહાં તાંઇ શ્રીઠાકોરજીકી ટહલ આપુહી કરે. ઓર જો કુટુંબમેં જાકી અત્યંત પ્રીતિ હોય તાસો કરાવે ઓર આપુહી પવિત્રતામેં રહે. ઓર પવિત્ર કાર્ય કરે. ઓર રસોઇકો નિત્ય પોતકે પવિત્ર રાખે. ઓર રાજભોગ આવે તબ રસોઇકે પાત્રાદિક માંજે ઓર સખડીમેં બડી છૂત માને. પીછે છૂયે ન જાય. અપની પવિત્રતાતે બુદ્ધિકો પ્રકાશ હોય ઓર અપવિત્રતા કે બુદ્ધિકી હીનતા હોય. તાતે મલિનતાસો ન રહેનો. ઓર બોહોત મેલે વસ્ત્ર ન રાખનો. કાહેતે-જો વૈષ્ણવકે પાસ વૈષ્ણવ બેઠે તબ ભગવદ્ વાર્તા ચર્ચા કરે તહાં સર્વદા પ્રભુજી પધારે. સો તિનકો ઉન વસ્ત્રમેં તે વાસ આવે.

ઓર ભગવદ્ મંદિરમેં દર્શનકે અર્થ આપકો જાનો પડે તબ પ્રભુકો વાસ આવે, યહ જાનિકે વસ્ત્ર ઉજ્જવલ રાખે. તાતે ફટે મોટેકી કછુ ચિંતા નાહીં, જેસો બને તેસોઇ પહેરે પરંતુ મેલાં ન રાખે. ઓર અપને દેહકે અર્થ કાહુકો દિખાયવેકે અર્થ આછો કપડા નહીં પહેરે. અપને પ્રભુકો વસ્ત્ર ધરાવે તાતે પહેરે. યહ દાસકો ધર્મ હે.

ઓર સુકર, સ્યાર (શિયાળ), ગર્દભ, કુત્તા કો તથા ધોબી ગંધર્વ નીચ જાતિ ચાંડાલ ચમાર, ભંગી, આસુરી, સૂતકી, રજસ્વલા, છાપકી, સર્પ ઇત્યાદિકનકો છુવે તો તત્કાલ ન્હાય ડારે. ખરચુકે છુયેતે એક કાલકો છુયો દુસરો કાલ તાંઇ રહે તાતે સો ગણો દોષ બડે. તાને દિનકો છુયો દિનમેં ન્હાય. રાત્રકો છુયો રાત્રમેં ન્હાય. યહ વેદ સ્મૃતિશાસ્ત્રમેં કહ્યો હે. ઓર મહાપ્રસાદ ઉત્તમ ઠોર કો લેય. યા પ્રકાર આચાર વિચાર સુ રહે. સો યા પ્રકાર પુષ્ટિમાર્ગકી રીતિમેં હોય તાસો પુછે લેય.

ઓર ઉત્સવાદિકનકો લોપ ન કરનો ક્યો-જો જબ ઉત્સવકો આગમન હોય તબ શ્રીઠાકોરજી કો પરમ ઉત્સવ આનંદ હોત હે. જો ફલાનો ઉત્સવ આવે હે. ઓર શ્રીઠાકોરજીકો ઉત્સવ ન કરીયે તો શ્રીઠાકોરજીકો મન બહોત અપ્રસન્ન હોય જાય. તાતે ઉત્સવ યથાશક્તિ સર્વથા કરનો. સો પ્રીતિપૂર્વક કરનો, મનમેં દુઃખ પાય કે ન કરનો, ઓર કાહુકો દિખાવેકે અર્થ ન કરે. કાહુકે આગે અપની બડાઇ ન કરે-જો મેંને ઉત્સવ કીયો ઓર લૌકિક-વૈદિક મેં કછુ કાર્ય આય પડે તો વૈષ્ણવકો તથા આપુકે ઘર વૈષ્ણવ પાસ કરાવે.

સો લૌકિક કાર્ય કે અર્થ અલૌકિક શ્રીઠાકોરજી કો ઉત્સવ ટારે તો શ્રીઠાકોરજી કુઢે ઓર જીવકે ઉપર બોહોત અપ્રસન્ન હોય. તાતે અલૌકિક કાર્યમેં મન રાખે ઓર લૌકિક-વૈદિક કાર્ય આવશ્યક હોય સો કરે. ઓર પુત્રાદિકકો વ્યાહ

કરે. જો જહાં પુષ્ટિ મર્યાદી-શુદ્ધ મર્યાદી હોય સો તિનકે ઘર પુષ્ટિમાર્ગકી રીતિસો મહાપ્રસાદ લેય. એસી પુષ્ટિમાર્ગીય રીતિ ન હોય ઓર અન્યમાર્ગીય હોય તો વાકો મહાપ્રસાદ ન લે.

ઓર લૌકિક કાર્ય કરનો હોય તો તામેં શ્રીઠાકોરજીકો વસ્ત્ર સામગ્રી પહેલે કરની. તા પાછે લૌકિક-વૈદિકકો કાર્ય કરનો. ઓર લૌકિક-વૈદિકમેં નાત જિમાવની હોય તો પ્રથમ શ્રીઠાકોરજીકી સામગ્રી સુંદર કરે, પાછે શ્રીઠાકોરજીકો ભોગ ધરે, તા પાછે વૈષ્ણવનકો લિવાવે.....ઓર શ્રાદ્ધાદિકમેં વૈષ્ણવકો ન લિવાવે ઓર સદા જાકે વૈષ્ણવ ઘર લેત હે સો તા ભાવતે-ભાંતિસો લિવાવે. લૌકિક ભાવતે બ્રાહ્મણ ઓર જાતિકો લિવાવે. ઓર લૌકિક કાર્યમેં વૈષ્ણવકો ન કરે. તાતે ઓરકે કરિવેકો પ્રયોજન નહીં હે. ઓર લૌકિકમેં કોઇ જાતિકો બુરો માને તો ઉનકો પ્રસાદ આદિ દે કે સંતુષ્ટ કરે.

અપને માર્ગકી નિંદા ન કરાવે કાહેતે-જો દઢ ભક્તિ ભઇ નાહીં તાતે નિંદાતે મનમેં દુઃખ હોય ઓર દઢ ભક્તિ વારો હોય તો તો કછુ લૌકિક-વૈદિકસો ભય નાહીં હે ઓર યહ કછુ દુઃખ-સુખમેં જાને નહીં. વાકો તો કેવળ અલૌકિકતે કામ હે. સેવાકોતો કછુ લૌકિક નાહીં. સો યા પ્રકારસો રહનો. ઓર જહાં તાંઇ ભક્તિ દઢ નાંહી ભઇ તહાં તાંઇ યહ જાને જો મેરી ભક્તિમેં કોઇ પ્રતિબંધ ન કરે. ઓર જામેં શ્રીઠાકોરજીકી સેવા નિર્વિઘ્નતાસો બને સો કરે. પાછે મનમેં ખેદ હોય સો ન કરે ઓર પુષ્ટિમાર્ગીય ભગવદીય સો કોઇ વાતકો અંતરાય ન રાખે. ઓર કપટ છલ ભગવદીય સો ન રાખે ઓર લૌકિક-વૈદિક કાર્ય હિત ન જાને.

સો યહ પુષ્ટિમાર્ગકો સર્વોપર જાને, ઓર જીતેન્દ્રિય હોય. ઇન્દ્રિયન કે વિષયાદિતેં શ્રીઠાકોરજીકો આવેશ જાત રહે. विषयाक्रान्त देहानां नावेशः सर्वथा हरेः (અર્થ :- નયન વગેરે બધી ઇન્દ્રિયોના રૂપ રસ વગેરે વિષયોથી આક્રાન્ત-ભરપૂર છે દેહ જેઓનાં તેઓને સર્વથા (જરૂર) હરિમાં આવેશ થતો નથી. (સં.નિ. શ્લોક ૯) સો યા પ્રકાર કરિકે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે હે સો સાચ. સેવા બરાબરિ ધર્મ નહીં હે સો વૈષ્ણવ કો બહોત કઠીન હૈ. ઔર વૈષ્ણવકો વિવેક વિચારીકે સર્વ કાર્ય કરનો, ઓર સત્તા હોય તિતનો લૌકિક વૈદિક કાર્ય કરનો. દેશ-કાલ અપનો. સમયકો વિચારનો ઓર બુરેકે નિકટ ન જાનો, ઓર વાસો સંભાષણ હુ ન કરનો. દેશ-કાલ સમય અપનો સ્વાર્થ વિચારીકે કાર્ય કરનો. યા પ્રકારસો રહે તો સુખ સો ભગવદ્સેવા બને. વ્રજભૂમિ ઉત્તમતે ઉત્તમ દેશ જાનનો. તહાં શ્રીપૂર્ણ પુરુષોત્તમકી લીલા-નિત્ય સ્થિતિ હે જાનનો.

ઓર રાત્રકો શયન કરનો, તબ પ્રાતઃકાલકી સેવા-દર્શનકો સ્મરણ કરનો. ઓર શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીકે કીર્તન કરિકે સોવે. ઓર કીર્તન ન આવડે તો શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી તથા અપને ગુરુકો નામ લે કે સ્મરણ કરિકે સોવે સો સોવત સમયકો નામ સગરે દિનકો ખોટો ખરો બન્યો હોય સો સબ સુખરૂપ હોય જાય તેસે રાત્રકે ફલતે સઘળે દિનકે મહાપ્રસાદકો દૂધવત ગુન કરે. ઓર સોવતમેં ચરણામૃત સર્વથા લે કે સોવે તો વાકો દુઃસ્વપ્ન ન આવે ઓર નિદ્રા તો મૃતક બરાબરિ હે સો શ્વાસ આવે તથા નહીં આવે તાતે ચરણામૃત કો સંબંધ મુખમેં બન્યો રહે તો સર્વથા દુર્ગતિ ન પાવે. સો યા પ્રકારસો વૈષ્ણવ યા કાલમેં સાવધાન હોય કે રહે તબ બચે. સો યા પ્રકાર શ્રીગોકુલનાથજી આપ કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયે હે. ઇતિ ત્રેવીસમો પ્રસંગ. ૨૩

..ક્રમશઃ

।। ઇતિ શ્રીગોકુલનાથજીકૃત તેઇસમો વચનામૃત સંપૂર્ણમ્ ।।

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

જમનાદાસ જાની

આ જમનાદાસ જાની ભરૂચ નજીક આકડોદ ગામના વતની હતા અને જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. શ્રીગોકુલેશ પ્રભુના શરણે આવતાં જ સ્વરૂપાસક્ત બન્યા હતા. સ્વવતન છોડી કુટુંબ સહિત શ્રીમદ્ ગોકુલ આવી શ્રીગોકુલેશ પ્રભુની નિકટમાં દઢવાસ કર્યો હતો.

તેઓ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીઅંગની સેવા કરતા હતા. ઉષ્ણકાલમાં શ્રીગોકુલેશ પ્રભુને નિત્ય પંખો કરતા હતા. એક સમય તેમના મનમાં મનોરથ થયો કે શ્રીગોકુલેશ પ્રભુને માટે એક સુંદર રથ સિદ્ધ કરાવીને તેમાં આપશ્રીને પધરાવવા. પોતાની આર્થિક સ્થિતિ સારી નહોતી છતાં ચાર પૈડાનો એક સુંદર રથ સિદ્ધ કરી શ્રીગોકુલેશ પ્રભુને ભાવપ્રીતિપૂર્વક તેમાં પધરાવ્યા અને આ પ્રકારે તનુવિત્તજા સેવામાં જ સદા પરાયણ રહેતા હતા.

શ્રીગોકુલેશ પ્રભુ નિત્ય જે વચનામૃતો કરે તે બધઅં જ ધ્યાનથી શ્રવણ કરતા અને ઘેર આવી પોતાની પોથીમાં અક્ષરશ લખી લેતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ સદા શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીના અંતરંગ સેવકોના વાર્તા પ્રસંગો પણ સંભળાવતા. જમનાદાસ જાની આ બધા જ પ્રસંગો રાત્રે ઘેર આવીને નોંધ કરતા. પોતાના લેખન ઉપરથી તેમણે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સેવકોના વાર્તા પ્રસંગો જુદા તારવ્યા હતા. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તાના ગ્રંથો આજે જે સ્વરૂપે આપણને પ્રાપ્ત થાય છે તેમાં જમનાદાસ જાનીનું પણ અમૂલ્ય યોગદાન છે.

શ્રીગોકુલેશ પ્રભુ નિત્ય લીલામાં પધાર્યા પછી, આપશ્રીની આજ્ઞા અનુસાર આપશ્રીના પરમ કૃપાપાત્ર એવા ગોકુલદાસભાઈજી, વ્યારાવાળા ગોપાલદાસભાઈજી તથા જમનાદાસ જાની પોતે સાથે મળીને શ્રીગોકુલેશ પ્રભુના વચનામૃતો સુવ્યવસ્થિત કર્યાં હતાં તથા શ્રીગોકુલેશ પ્રભુના વિરહી સમાજનું ભાવપોષણ કરવા વિવિધ સાહિત્ય રહનાઓ પણ રચી હતી.

શ્રીગોકુલેશ પ્રભુ જમનાદાસ જાની ઉપર સદા પ્રસન્ન રહેતા. શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદ છોડી તેઓ ક્યાંય કદી ગયા નહોતા. શ્રીગોકુલેશ પ્રભુના આવા સ્વરૂપનિષ્ઠ અને અનન્ય ભાવવાળા ભગવદીયના ભાવનું વર્ણન થઇ શકે એમ નથી.

...ક્રમશઃ

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઈલાલભાઈ શેઠ.

શ્રીધોલ પદ

શ્રીગોકુલનાથ સોહામણો રે

શ્રીગોકુલનાથ સોહામણો રે,

એમના રૂપતણો નહિ પાર, હો લાલ-શ્રીગોકુલનાથ. ૧.

શ્રીઅંગ કાન્તિ હું શી કહું રે, દેખી શોભા પામી લાજ હો. ૨.

પ્રાતઃ ઉઠે મંગળા સમે રે, નિત્યનાં કૃત્ય કરે સહુ નેગ, હો. ૩.

તૈલાભ્યંગ તે કરીયને રે, નાહ્યા પ્રાણ તણા આધાર, હો. ૪.

ભીતર વેગા પધારીયા રે, વળીયો સર્વ સમાજ, હો. ૫.

ઘેર આવી ચિત્ત વિહ્વળ થયાં રે, મનડાં આકુળવ્યાકુળ થાય. હો. ૬.

પંથ નિહાળે પ્રાણેશનો રે, જેને જેસો લાગ્યો રંગ. હો. ૭.

ક્યારે બહાર પધારશો રે, સુખનિધિ શ્રીવલ્લભરાજ, હો. ૮.

ત્યાં તો આવી વધામણી રે, પધાર્યા મોહનવર સુખદાઈ, હો. ૯.

ઘસીમસીને ચાલીયાં રે, ઘરનાં કારજ વિસાર્યાં, હો. ૧૦.

સાથ સહુ મળીને આવીયો રે, જોવા પ્રાણતણા આધાર, હો. ૧૧.

સોલે શણગાર તે કરી અને રે, રમવા પ્રીતમજીની સાથ, હો. ૧૨.

ભીંતે અટકી ઉભા રહ્યા રે, જાણે કોટિક પ્રગટયો ભાણ, હો. ૧૩.

કિરણે ભક્ત ઝળકી રહ્યા રે, જાણીયે રત્ન કેરી પાંત, હો. ૧૪.

એ સુખ જોઈને ફૂલિયા રે, પ્રીતે વલ્લભદાસ, હો લાલ. ૧૫.

વિચાર કરવો જોઇએ !

આચાર્ય-વચન-આશય-નિર્ધાર-પ્રકાર-ઉપસંહાર

ગયાં અંક સુધી આપણે અનેક વિષયોને ભણવાનો પ્રયાસ કર્યો. જેમાં સેવોપદેશદીક્ષા, સેવાસ્વરૂપ, સેવાપ્રદર્શન, સેવાપ્રયોજન, સેવાસ્થલ, સેવ્યસ્વરૂપ, સેવા-અર્થ-આજીવિકા, સેવાકર્તા, સેવાપરિચારક, સેવોપદેષ્ટા (સેવા માટે ઉપદેશ કરનાર શ્રીગુરુદેવ), ભાગવત-કથા, સ્વસેવ્ય-સ્વરૂપ-પ્રસાદ-ગ્રહણ, અને ગતાંકમાં આપણે તીર્થપર્યટન વિષે આપણે માર્ગીય પ્રમાણોને ભણવાનો પ્રયાસ કર્યો. જે શ્રીમહાપ્રભુજી, ઉભયપ્રભુચરણ શ્રીગોપીનાથપ્રભુ-શ્રીવિઠ્ઠલનાથપ્રભુ, શ્રીસપ્તાચાર્ય, પરવર્તી આચાર્યોની વાણીને આધારે ભણ્યાં. હવે શ્રીમહાપ્રભુજીની વાણી અનુસાર આપણે ભણવાનો પ્રયાસ કરીએ આપણા માર્ગમાં આચાર્ય-વચન-આશય-નિર્ધાર-પ્રકાર-ઉપસંહાર શું છે, તે સમજીએ.

હવે આ પ્રકરણમાં ખૂબજ મહત્વપૂર્ણ વિષયને આપણે સમજવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. આપણે પુષ્ટિમાર્ગમાં આવ્યા એટલે આ માર્ગ પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણના સેવક થયા. અને આ માર્ગ શ્રીમહાપ્રભુજીનો છે, તેનું આપણે સૌએ ખ્યાલ રાખવો જરૂરી છે. આ માર્ગમાં નિયામક કેવલ અને કેવલ શ્રીમહાપ્રભુજીની વાણી છે, અન્ય કાંઇ પણ નથી.

तस्माच्छ्रीवल्लभाख्य त्वदुदितवचनादन्यथा रूपयन्ति ।

भ्रान्ता ये ते निसर्गत्रिदशरिपुतया केवलान्धन्तमोगाः ।।

(श्रीप्रभुचरणकृत वल्लभाष्टक ३)

હે શ્રીવલ્લભ ! આપે કહેલ વચનોથી વિપરીત જેઓ કોઇ કાંઇક કહે છે તો તેઓ બધા ભ્રાન્ત અને કેવલ અન્ધન્તમ નરકને પ્રાપ્ત થયારા સહજ આસુરી જીવ છે. (શ્રીગુસાંઇજીપ્રભુ કૃત વલ્લભાષ્ટક ૩)

જોયું, કેવી સુંદર આજ્ઞા શ્રીગુસાંઇજી કરે છે કે જેઓ આ માર્ગમાં (શ્રીમહાપ્રભુજીના માર્ગમાં) આપશ્રીની આજ્ઞાથી વિપરીત આચરણ કરે છે, કરાવે છે તે સહજ આસુરી જીવ છે....

तदाश्रये न वचनैः किन्तु तन्मार्गनिष्ठा ।

मार्गनिष्ठा न स्वबोधैः किन्तु तादृग्गुरूदितैः ।।

गुरूदितानि वाक्यानि न स्वतो ह्यनुवादतः ।

अनुवादो न स्वबुद्ध्या किन्तु मूलक्रमागतः ।।

अथापि तत्र चापेक्ष्यो दृढः स्वाचार्यसंश्रयः ।

(शिक्षापत्र ८/ २६-२८)

શ્રીમહાપ્રભુજીનો આશ્રય માત્ર વાણીથી નહિં પરંતુ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં નિષ્ઠા રાખીને કરવો જોઈએ. વળી માર્ગમાં નિષ્ઠા પણ કોરી પોતાની સમજથી નહિં, પરંતુ માર્ગના ગુરુ દ્વારા કહેવામાં આવેલા વચનોના અનુસાર રાખવી જોઈએ. ગુરુના વચનોનો અર્થ પણ માત્ર પોતાની બુદ્ધિથી નહિં પરંતુ અનુવાદતઃ સમજવો જોઈએ. વળી અનુવાદ પણ કેવળ પોતાની બુદ્ધિથી નહિં પરંતુ મૂળક્રમ-પરંપરાના અનુસાર કરવો જોઈએ. આ બધા પ્રકારમાં પણ પુનઃ શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય તો જરૂરી છે જ. (શ્રીહરિરાયચરણકૃત શિક્ષાપત્ર ૮/ ૨૬-૨૮)

શ્રીહરિરાયચરણ આપણા માર્ગના પરમ વિદ્વાન આચાર્ય છે. જેમને અનેક ગ્રંથો પ્રગટ કર્યા છે. આપશ્રી શિક્ષાપત્રમાં સુંદર આજ્ઞા કરે છે કે આપણે માર્ગમાં જે આચરણ કરવાનું છે, તે શ્રીમહાપ્રભુજી વાણીનો બોધ સાથે કરવું, પણ કેવળ બોધ સાંભળીને નહિં, પોતે જીવનમાં આચરણમાં મૂકીને કરવું જોઈએ. આજકાલના મૂઢમતિ સમાન જે બહિર્મુખ કરનારા લોકોને આધારે તો ન જ કરવો જોઈએ. એટલે શ્રીમહાપ્રભુજીની વાણીનો યથાર્થ બોધ આપણે સ્પષ્ટ પણે સમજવું જરૂરી બને છે.

यो वदन्त्यन्यथा वाक्यम् आचार्यवचनाज्जनः ।
संसृति प्रेरको वापि तत्सङ्गो दुष्टसङ्गमः ।।
यश्च कृष्णे रतिं नित्यं बोधयत्यप्रयोजनाम् ।
निरपेक्षः सात्विकश्च तत्सङ्गः साधुसङ्गमः ।।
एवं निश्चित्य सर्वेषु स्वीयेषु अन्येषु वा पुनः ।
महत्कुलप्रसूतेषु कर्तव्यः सङ्गनिर्णयः ।
श्रीमदाचार्यचरणे मतिः स्थाप्या सदा स्वतः ।
ततएव स्वकीयानां सिद्धिः कार्यस्य सर्वथा ।।

(शिक्षापत्र ३/८-११)

આચાર્ય વચનથી વિપરીત જે વાત કરતો હોય અથવા જે સંસારપ્રેરક વાતો કરતો હોય એવાનો સંગ તે દુ:સંગ છે. જે શ્રીકૃષ્ણમાં નિષ્પ્રયોજન નિત્યરતિ વધારવાની વાત કરતો હોય તથા જે પોતે પણ નિરપેક્ષ અને સાત્ત્વિક હોય તેનો સંગ એ સત્સંગ છે. આ કસોટી દરેક સ્વમાર્ગીય, અસ્વમાર્ગીય; અથવા શ્રીવલ્લભકુલમાં પ્રસૂત-ની સાથે કરવામાં આવનાર સત્સંગને ચકાસવા માટે છે. પુષ્ટિમાર્ગીયોના બધા કાર્યો આથી જ સિદ્ધ થશે. (શ્રીહરિરાયચરણકૃત શિક્ષાપત્ર ૩/૮-૧૧)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીહરિરાયચરણકૃત-શ્રીગોકુલેશાષ્ટકમ્ ।।

(छन्द-शार्दूल विक्रीडित)

उद्धर्तुं धरणीतले निजबलेनैव स्वकीयान्जनान्-

आविर्भूय तथा कृपा-परवशः श्रीविट्ठलेशालये ।।

यः श्रीभागवतार्थ-तत्त्व-विवृतेश्चक्रे प्रचारं वचः -

पीयूषैरति-पोषणाय सततं श्रीगोकुलेशोऽवतु ।। १ ।।

સ્વકીય જનોનો પોતાના બલથી જ ઉદ્ધાર કરવાને તેમજ (પોતાની) વાણીરૂપી અમૃતથી તેઓનું અતિશય પોષણ કરવાને ધરણીતલ ઉપર કૃપાપરવશ શ્રીવિઠ્ઠલેશના મંદિરમાં આવિર્ભાવ પામીને જેમણે શ્રીમદ્ભાગવતની તત્ત્વવિવૃતિનો પ્રવાહ કર્યો (તત્ત્વવિવૃતિ કર્યા કરી) તે શ્રીગોકુલેશ નિરંતર રક્ષણ કરો. ૧

(छन्द-वसन्त तिलका)

यः पुष्टिमार्ग-गत-भाव-विभावनैक-

दक्षः समक्षमपि सन्निधि-सेवकानाम् ।।

यो ज्ञान-गूढ-हृदयः सदयः सदैवः

सेवासुखं मम तनोतु स गोकुलेशः ।। २ ।।

સમીપમાં રહેનાર સેવકોની સમક્ષ પણ પુષ્ટિમાર્ગની ભાવવિભાવનામાં અતિ ચતુર, સદા દયાલુ અને જ્ઞાનથી ગૂઢ હૃદયવાળા શ્રીગોકુલેશ મારા સેવા સુખની વૃદ્ધિ કરો. ૨

(छन्द-शार्दूल विक्रीडित)

यः सेव्यः सततं सतां निज-फल-प्रेप्सावतां वर्तिनाम्-

आचार्योदित-शुद्ध-पुष्टि-सुपथे नित्यानुकम्पा-परः ।।

यद् दृष्ट्यैव हृदन्धकार-निचयो यायात् क्षणात् क्षीणताम्-

आनन्दं मुहुरातनोतु मधुराकारः प्रभुर्वल्लभः ।। ३ ।।

નિજફલ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વિંટાઈ રહેલા સજ્જનોથી સદા સેવ્ય, આચાર્યે કહેલા શુદ્ધ પુષ્ટિના ઉત્તમ માર્ગ પ્રતિ નિત્ય અનુકંપાવાળા, જેમની દષ્ટિથી જ હૃદયના અંધકારનો સમૂહ ક્ષણમાં ક્ષીણ થાય છે તેવા મધુરાકાર શ્રીવલ્લભ પ્રભુ આનંદની વારંવાર વૃદ્ધિ કરો. ૩

यो मायामत-वर्ति-दुष्ट-वदन-ध्वंसं वचोभिर्निजैः
कुर्वन् सेवक-सर्व-लोक-हृदयानन्दं सदा पोषयन् ।।
तद्भावं दुदृढं करोति कृपया दासैकहृद्यातया
यातानां शरणं हृदा स मनसो मोदं सदा यच्छतु ।। ४ ।।

જે માયામતમાં રહેલા દુષ્ટોના મુખનો (અપ્રામાણિક યુક્તિઓનો) ધ્વંસ પોતાની વાણીથી કરતા અને સર્વ સેવક સમૂહના હૃદયના આનંદનું સદ પોષણ કરતા, પોતાના સેવકોમાં પોતાની પ્રીતિ હોવાના કારણે કૃપા વડે તેઓના હૃદયમાં ભાવને સુદૃઢ કરે છે તે (શ્રીગોકુલેશ) હૃદયથી શરણ આવેલા સત્પુરૂષોને સદા મનનો આલ્હાદ આપો. ૪

(छन्द-पृथ्वी)

हसद् वदन-पङ्कज-स्फुरदमन्द-भावार्द्रदृक्
कपोल-विलसद्-रसद्-द्वयविमिश्रिताम्बूलदः ।।
समुन्नत-सुनासिकः सरस-चारु-बिम्बाधरो
हरत्वखिल-सेविनां चिर-वियोग-तापं क्षणात् ।। ५ ।।

હસતા વદનકમલમાં સ્ફુરતા અતિશય ભાવથી ભીંજાયેલી આંખવાળા, કપોલ પર શોભિત દ્વિદલાત્મક રસનો સાર જેમાં રહેલો છે તેવા તાંબૂલ રૂપ અધરામૃતનું દાન કરનારા, ઊંચી સુંદર નાસિકાવાળા, રસયુક્ત સુંદર અધરબિંબવાળા (શ્રીગોકુલેશ) સર્વ સેવકોના લાંબા સમયના તાપને ક્ષણમાં હરો. ૫

मनोज-मधुराकृतिर्-निज-मनो-विनोदोद्गतिः
कृती जन-मनोहृतौ विरति-कारकः संसृतौ ।।
स्वभाव-परिपोषको भव-समुद्र-संशोषकः
करोतु वरणं सदा सकलमत्र वै वल्लभः ।। ६ ।।

આધિદૈવિક કામદેવના જેવી મધુર આકૃતિવાળા, પોતાના જીવોના મનને વિશિષ્ટ એવા કૃપાબળથી સ્વરૂપસક્તિ તરફ પ્રેરિત કરનારા અથવા પોતાના જીવોના મનના આલ્હાદને પોતાના સ્વરૂપ વડે પ્રકટ કરાવનાર (પોતાના જનના મનને વશ કરવામાં નિપુણ), સંસારમાં વૈરાગ્ય કરાવનાર સ્વકીય ભાવનું પોષણ, કરનારા ભવરૂપી સમુદ્રને શોષનારા શ્રીવલ્લભ વરણને અહીં સદા સફલ કરો. ૬

(छन्द-वसन्त तिलका)

गो-धूम-मेचक-मनोहर-वर्ण-देहो
य: कृष्ण-केश-निचयोल्लसदुत्तमाङ्ग: ।।
सूक्ष्मोत्तरीय-कटि-वस्त्र-विराजिताङ्ग:
साङ्गां तनोतु मुदं अद्भुत-गोकुलेश: ।। ७ ।।

ઘઉં જેવા અને શ્યામ મનોહરવર્ણના દેહવાળા, કાળા કેશના સમૂહથી શોભતા શિરવાળા, કોમલ ઉપરણાં અને ધોતીથી શોભતા, અદ્ભૂત સામર્થ્યને ધારણ કરનારા શ્રીગોકુલેશ મને દાસને પુષ્ટિફળરૂપ સંપૂર્ણ મોદને સતત આપો. ૭

(छन्द-शार्दूल विक्रीडित)

ताताज्ञैक-पर: पराशय-विदां वर्य: परानन्ददो
माला येन सुरक्षिता निज-महा-यत्नेन कण्ठे सताम् ।।
धर्मो येन विवर्धित: पितृ-पदाचार-प्रचारै: सदा
स श्रीगोकुलनायक: करुणया भूयाद्वशे सेविताम् ।। ८ ।।

તાતની આજ્ઞાને જ પરાયણ અને શ્રીપુરૂષોત્તમના હૃદયને જાણનારાઓમાં શ્રેષ્ઠ, પરમાનંદ આપનાર, જેણે પોતાના મહાયત્નથી માલાનું સત્પુરૂષોના કંઠમાં રક્ષણ કર્યું અને જેમણે બધે સદા ધર્મની વૃદ્ધિ કરી છે તે શ્રીગોકુલનાયક કૃપાથી સેવકોને વશ થાઓ. ૮

सर्वं साधन-जातमात्र विफलं नूनं विदित्वा जनान्
नित्यं भक्त-जन-प्रियं भजत तं त्यक्त्वेतरस्याश्रयम् ।।
तन्नामानि जपन्तु रूपमखिलं संचिन्तयन्तु स्वयं
सौख्यं तत्पद-भावतोऽभिलषितं सर्वं स्वत: सेत्स्यति ।। ९ ।।

હે લોકો ! સર્વ સાધન માત્ર અહીં નિષ્ફલ છે, એમ જાણી અન્યાશ્રયનો ત્યાગ કરી, તે નિત્ય ભક્તોના પ્રિયનું ભજન કરો, તેમના નામનો જપ કરો, અને સ્વરૂપનું ચિંતન કરો. તેમના ચરણારવિંદના ભાવનમાત્રથી ઈચ્છેલું સર્વ સુખ પોતાની મેળે પ્રાપ્ત થશે. ૯

।। इति श्रीहरिदासोदितं श्रीगोकुलेशाष्टकं सम्पूर्णम् ।।

જૈ જૈ શ્રીગોકુલેશ

જૈ જૈ શ્રીગોકુલેશ

શ્રીગોકુલેશકે હોય કે, ઓર નમાવે માથ,

ધિક્કાર વાકે જન્મકો, ધિક્ ધિક્ વાકો સાથ.

શ્રીગોકુલેશ સ્વરૂપ હે, શ્રીગોકુલેશ ગુનપુર,

જિન ગોકુલેશ જાન્યો નહીં, વાકે મુખમેં ધૂર.

શ્રીગોકુલેશકે રૂપ પર, વારોં કોટિક માર,

જિન ગોકુલેશ ગાયો નહીં, વાકે શિર પર જાર.

શ્રીગોકુલેશકે સ્વરૂપ બિનુ, ઓર મોહકી જાલ,

યાતે છુટેં બેગ તબ, પ્રભુજી હોય કૃપાલ.

પ્રભુ સદા કૃપા હે, દેખત અપની ઓર,

જીવકી કૃતિ દેખત નહીં, દેત ચરણતલ ઠોર.

ઉહાં કબહુ ન જાઇએ, જહાં ન ગોકુલેસ નામ,

દિગંબર કે ગામમેં, કહો ધોબીકો કહા કામ ?

શ્રીગોકુલેશ કે નામ કો, જહાં નહીં લવલેશ,

અપને સ્વકીય સમાજકો, જૈ જૈ શ્રીગોકુલેશ.

અપને સ્વકીય સમાજકો, જૈ જૈ શ્રીગોકુલેશ.

અપને સ્વકીય સમાજકો, જૈ જૈ શ્રીગોકુલેશ.

કવિત

તૂ જો અપરાધ અતિ ઓરનકો સહેગો,

તો વાકો અપરાધ જગદીશ આપુ જાની હૈ;

અપરાધ જાની દોષ માની કહેગો તૂ,

વાસો તેરો દુ:ખ જગદીશ મનમેં ન આની હૈ;

તેરો દુ:ખ તેરે મન જાનિ તૂ સહન કરિ,

સહન કો દુ:ખ પ્રભુ નીકે કરિ માનિ હૈ;

સહનમેં સુખ હૈ, હૈ સહનમેં તેરો કાજ,

સહન સહન ઐસી વલ્લભકી બાની હૈ. ૨૪

શ્રીગોકુલનાથકી જય

એક સમયે જામખંભાળિયાવાળા કલ્યાણ ભટ્ટે વિનંતી કરી કે, 'કૃપાનાથ! પુષ્ટિમાર્ગ તો અદ્‌ભુત છે..' ત્યારે ચતુરશિરોમણી સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણે આજ્ઞા કરી કે, 'ભટ્ટજી! યહ મારગ નાહીં હૈ, યહ તો ફલકો સમય હૈ. મારગ તાકો કહિયે જો આગે ચલત ગામ આવે. યહ પિપીલકા મારગ. યહ તો વિહંગમ મારગ-જહાં પક્ષીકો વૃક્ષપર લક્ષ નાહીં, કેવલ ફલકો હી અનુભવ હૈ....'

|| ShriGokulesho Jayati ||

SHRISARVADA SEVYA SHRIDADAJI SHRIGOKULESH PRABHU'S COMMENTRY ON

Bhaktivardhini

(Strengthening Devotion)

(...continued)

Gurudev :- You had learned till the 10th stanza of this sacred book of increasing Devotion viz. Bhaktivardhini. Now we move on to the 11th stanza of this sacred book.

Now let us look for the preface to start with the next Stanza. What does ShriChaturthkumar ShriGokulesh Prabhu gives orders? You are well aware that till the last stanza you had learned that ShriMahaprabhuji had described that if a person willing to stay away from house, should not stay alone. But take shelter at Hari Sthan and that too not alone, but with faith that ShriHari is the all doer, and will always protect him/her. So keeping Faith in ShriHari, one should not cause any of the doubt.

Describing each and every possibility of the method for a person to attain the strong devotion, ShriMahaprabhuji has now reached the conclusion of this Chapter of Strengthening Devotion. So ShriMahaprabhuji now starts to conclude the Sacred Book with the concluding Stanza i.e.11th stanza with the word **ITI**...

ITIEVAM BHAGWATSHASTRAM GUDHATATVAM NIRUPITAM ||

YA ETATSAMADHIYIT TASYAPI SYADHRADHA RATI || 11 ||

ShriChaturthkumar Shrimad Gokulesh Prabhucharan gives opens the depth of the stanza and describes that the word **ITI**, which means the end of the session. According to the Samskrit Grammer ITI means the conclusion part. We are now going to conclude this part. ShriGokulesh Prabhu gives orders that by these way (previous methods described in the 10 stanzas), said that by those orders the Bhakti-Vruddhi (strengthening and increasing devotion) in Lord ShriPurushottam, the lessons described is the meaning.

In the 11th main stanza ShriMahaprabhuji uses the word **Gudhatatvam,** ShriMahaprabhuji wants to show us the swaroop of **Bhagwadshastram**. ShriMahaprabhuji has described the secret path of devotion. So ShriMahaprabhuji emphasis the word **Gudh+tatvam**, Gudh which means the topics not to be shared with others. Cannot be described by speech-words, but can be understood by experience, gained in the path of devotion. Such is the status of This Devotional path, which ShriMahaprabhuji had described. Now by understanding the Swaroopa of the Scriptures of the Sanatana Religions' Pushtimarga, The person doing the Study by following the Bhagavada Shastras (**Bhagwadshastram**) of Devotion, the way the fruit will be achieved, ShriMahaprabhuji gives orders as **Ya Etat**, which means to explain that the Study done is in the way of achieving Almighty.

Now the word **Ya** describes the general rules of Varnasharama (which is not described, or not necessary). The Bhaktivardhini Roopa Shastras should be studied very well. In the study, the way method shown here or mean to say the way this scripture is been said is not only for the reciting this sacred book, but also for understanding each and every stanza of this sacred book. The meaning of each and every word described by ShriMahaprabhuji in this sacred book described in the 11 stanzas, each word from each stanzas should be understood with the proper meaning. One who is studing this sacred book for Devotion, should thoroughly study and after study also, whenever person recites this Book, should always gain the indepth meaning of each words.

One must keep rememberance of the Chapter of Devotion thoroughly. ShriGokulesh Prabhucharan gives orders that one should keep Anusandhana, by the release of innerness, by explaining the swaroopa of this path in heart, keeping in mind the one-ness of ShriPurushottam's Seva-Katha. Also being the Sevaka of this path, initiation given by ShriGurudev who is the Descendent of ShriMahaprabhuji, person becomes innocent, su-dradh (strong) rati (involvement) towards the Devotion path, gets the Affection-love with Ras-Bhaav-Yukt, which ShriMahaprabhuji wants for the surrendered person of this path of grace....11

PITRUDADA-NAKH-PRAKASHIT-DHIYA MAYA ||

SWA-CHARYA-CHARAN-AKHYAN VIVRUTTI-BHAKTI-VARDHINI || 1 ||

By the blessings of my father (ShriGusaiji), the Nakha Roopa Chandrika, by the name of Swacharya (ShriMahaprabhuji), I (ShriVallabh-ShriChaturthkumar ShriGokulnathji) had done the commentary on the sacred book of Devotion-BhaktiVardhini. 1

KRUPAYA PITRU-PADABHJAIRDUTTA ME YADRUSHI MATI: ||

TANMAYA VIVRUTTAM BHAKTIVARDHINI SHASTRAM SUDURLABHAM || 2 ||

By the grace of my father (ShriGusaiji), whatever description done by me is by my thought, which is sudurlabh (very rare) Bhaktivardhini Shastra, I had done description-commentry-vivrutti. 2

YADHYAPI-SHVAR-VAKHYANI DURBODHANI YADA SYAT ||

TATKRUPATI YATHA-BODHAM VIVRUTANI N CHA-ANYATHA || 3 ||

It is understood that the Bhagavada Vakyas (the words of ShriPrabhuji) are not easy to understand (durbodh), still with the blessings of Him, I had done commentary according to my understanding, and by no other means. 3

BUDHI-DOSHAN-YADHYATRA VYAKRUTAO CHED VYAPANAY ||

KSHMAONTV-ACHARYACHARANA SWAKIYESHU DAYATAV || 4 ||

But if somewhere fine any opposite meaning done by me (ShriGokulnathji), which is having the wrong meaning to the orders given by ShriMahaprabhuji, still had faith that ShriMahaprabhuji will forgive me, as I m His own. 4

"SHRIVALLABH" RACHITA YA VIVRUTTIR-BHAKTIVARDHININYA: ||

CHITRAM SAMASTE LOKE SANJATE BHAKTIVARDHINI SAAPI || 5 ||

"ShriVallabh" (ShriChaturthkumar ShriGokulesh Prabhucharan), i.e. I had done the commentary on the sacred book of Bhakti-Vardhini, which is the surprise to the word, as it increases the devotion towards ShriKrishna, it is the only book i.e. BHAKTIVARDHINI. 5

"Iti ShriPitruCharanakhatamShriVallabhrachita Bhaktivardhini Vivrutti Samaptau"

"The one having divine faith in father (ShriGusaiji), ShriVallabh (ShriGokulnathji) quoted the commentary on Bhaktivardhini ends here"

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૨
શ્રીપદ્મા
એકાદશી વ્રત
વૈશાખ (અધિક)
વદ ૧૧,
૨૦૬૬

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપ વાડાસિનોર અપને મંદિરમેં બિરાજત હતે, તબ વા ગામકે પંચ-મહાજનવારેને વિનતી કીની જે રાજ, કૃપાનિધાન! છ ઘરકૌ મુખિયા દુસરે ઘરમેં સેવા સિંગાર કરત હોય, સો અપને મંદિરમેં નહવાએ જાય? તબ આપને આજ્ઞા કીની જે અપને ઘરકી રીત નાહી, યાકુ પ્રથમ શ્રીગોકુલ ભેજકે વહાં શ્રી કૈ સન્મુખ ફીર (અપને ઘરકે બાલકતેં) બ્રહ્મસંબંધ કરાયે, પાછે શ્રીબેઠકજીમેં ચરણસ્પર્શ ભયે પાછે યહાં આગ્યાસું સેવામે નહવાયે જાય, ઓર શ્રીઠાકુરજીકું શ્રમ હોત હોય ઓર તત્કાલ જરૂર હોય તબ વાકુ વ્રત કરાય, યહા શ્રીદાદાજી શ્રીલક્ષ્મણલાલજી મહારાજકી બેઠકમેં સન્મુખ બેઠાય, આપકી પ્રસાદી માલા પહેરકે તિલક અપને ઘરકો કર, શ્રીહસ્તાક્ષરી ગદ્યકો પત્ર વાંચકે યથાશક્તિ ભેટધરે, પાછે સેવામેં નહવાયે જાય, બને વહાંતક શ્રીગોકુલ ભેજનો, એ આજ્ઞા કરકે શ્રીહસ્તાક્ષરી પત્ર લીખ દીયો.....૮૬